/

કોમ્પ્યુટરની ઉચ્ચ શૈક્ષણિક લાયકાત ધરાવતા કર્મચારીઓ/અધિકારીઓને કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી પરીક્ષામાંથી મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-પાર્ટ-૩-ક
સચિવાલય-ગાંધીનગર
તારીખ: ૦૧/૦૪/૨૦૧૭

વંચાણે લીધા: (૧) સા.વ.વિ.ના ઠરાવ ક્રમાંક: પરચ-૧૦૨૦૦૫-૧૫૩૨-ક, તા. ૩૦-૦૯-૦૬
(૨) સા.વ.વિ.ના જાહેરનામા ક્રમાંક: જીએસ/૨૦૦૬/૩૧/ખતપ-૧૦૨૦૦૫-૧૫૧૯-ક, તા.૩૦-૦૯-૨૦૦૬

**આમુખ :**

રાજય સરકારના વહીવટમાં ઇ-ગવર્નન્સની નીતિ અન્વયે કોમ્પ્યુટરની કામગીરીનો મોટા પ્રમાણમાં વધારો થયેલ છે. રાજય સરકારમાં કોઇપણ સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂંક માટે કોમ્પ્યુટરના ' Basic Knowledge ' ની જાણકારી જરૂરી છે. તદ્‌ઉપરાંત રાજય સરકારમાં સીધી ભરતીથી નિમણૂંક પામ્યા બાદ તેઓએ ઉકત વંચાણે લીધેલ ક્રમાંકઃ ૨ હેઠળના સામાન્ય વહીવટ વિભાગના તા.૩૦-૯-૨૦૦૬ના જાહેરનામાથી ઘડાયેલ કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો હેઠળ અજમાયશી સમય દરમ્યાન તથા ત્યારબાદ બઢતી/ ઉચ્ચતર પગાર ધોરણ મેળવવા માટે કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત C.C.C./C.C.C.+ ની પરીક્ષા પાસ કરવી આવશ્યક છે. છેલ્લા થોડા વર્ષોમાં માસ્ટર્સ ડીગ્રી તથા બેચલર ડીગ્રી લેવલે કોમ્પ્યુટરને લગતી ડીગ્રીઓ ધરાવતા વિવિધ પ્રકારના કોર્ષ પાસ કરેલ ઉમેદવારો રાજય સરકારમાં નિમણૂંક પામેલ છે. આ ઉમેદવારો કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો હેઠળની C.C.C./C.C.C.+ પરીક્ષાના નિયત અભ્યાસક્રમ કરતા ઘણી ઉચ્ચ પ્રકારની કોમ્પ્યુટરની લાયકાતો ધરાવે છે. આ પ્રકારની કોમ્પ્યુટરની ઉચ્ચ લાયકાતો ધરાવતા કર્મચારીઓની વિશાળ સંખ્યાને ધ્યાને લેતાં કોમ્પ્યુટરની ઉચ્ચ લાયકાત ધરાવતા આવા ઉમેદવારોને C.C.C./C.C.C.+ ની તાલીમ અને પરીક્ષા પાસ કરવામાંથી મુકિત આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ :-**

આ બાબતમાં કાળજીપૂર્વકની વિચારણાને અંતે રાજય સરકારમાં કોઇપણ સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂંક પામેલ કર્મચારીઓ/અધિકારીઓ કોમ્પ્યુટર સંબંધિત નીચે મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા હશે તો તેઓને કોમ્પ્યુટર કૌશલ્યની C.C.C./C.C.C.+ ની પરીક્ષામાંથી મુક્તિ આપવાનું આથી ઠરાવવામાં આવે છે.

1. *M.Tech /M.E. in Computer Engineering*
2. *M.Tech /M.E. in Computer Science Engineering*
3. *M.Tech /M.E. in Information Technology*
4. *M.Tech /M.E. in Information Communication Technology*
5. *M.Tech /M.E. in Computer Science*
6. *M.Tech /M.E. in Software Engineering*
7. *M.Tech /M.E. in Computer Network*
8. *M.Tech in Network Security*
9. *M.Tech in Embedded System*
10. *B.Tech/B.E. in Computer Engineering*
11. *B.Tech/B.E. in Computer Science*
12. *B.Tech/B.E. in Computer Science & Engineering*
13. *B.Tech/B.E. in Information Technology*
14. *B.Tech/B.E. in Information Communication Technology*
15. *MSc. in Computer Science*
16. *MSc. in Information Technology*
17. *Master in Master in Computer Application*
18. *B.Sc. in Computer Science*
19. *B.Sc. in Information Technology*
20. *Bachelor in Computer Application (B.C.A.)*
21. *Diploma in Computer Application*
22. *Post Graduate Diploma in Computer Application*
23. *Diploma in Computer Technology*
24. *Diploma in Computer Engineering*
25. *Diploma in Information Technology*
26. *Diploma in Information and Communication Technology*

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ.એચ.મનસુરી)
નાયબ સચિવ
સામાન્ય વહિવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,
નામદાર રાજયપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.